# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪**
**(સન ૨૦૨૧ના ડિસેમ્બર મહિનાની છેલ્લી તારીખ સુધી સુધાર્યા મુજબ)**


આ વિનિયમોને લગતો તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો
સચિવ,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦/બી, ગાંધીનગર-૩૮૨૦૧૦


વર્ષ : ૨૦૨૧

## પરિશિષ્ટ-અ[૧]
## (જુઓ વિનિયમ ૫)

૧. આ નિયમો 'ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો'[૨] કહેવાશે.

૨. આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો -

(૧) ''અધિનિયમ'' એટલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨.[૩]

(૨) ''ચૂંટણી'' એટલે વર્ગ-ખ ના ખંડ(૧૦)માં આવતા સભ્યો સિવાયના કલમ ૩ની પેટા-કલમ(૨)માં ઉલ્લેખેલા તે વર્ગના ચૂંટાયેલા સભ્યોમાંથી કોઈ સભ્ય ચૂંટવા માટેની ચૂંટણી.[૪]

(૩) ''નમૂનો'' એટલે આ નિયમોને જોડેલો નમૂનો.

(૪) ''મતદાન મથકના પ્રમુખ અધિકારી એટલે ચૂંટણી અધિકારીએ સંબંધિત જિલ્લામાં મતદાન મથકના પ્રમુખ અધિકારી તરીકે નિમેલા જિલ્લા શિક્ષણ અધિકારી અને અથવા શિક્ષણ નિરીક્ષક''

(૧)[૫] ''મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારી'' એટલે ચૂંટણી અધિકારીએ સંબંધિત જિલ્લામાં મતદાર નોંધણી માટે નીમેલા જિલ્લા શિક્ષણાધિકારી/ શિક્ષણ નિરીક્ષક/ મદદનીશ શિક્ષણ નિરીક્ષક / વર્ગ-૩ ના કર્મચારી.

(૫) ''ચૂંટણી અધિકારી'' એટલે બોર્ડના અધ્યક્ષ અથવા તેણે નિર્દિષ્ટ કરેલી વ્યક્તિ;

(૬) ''કલમ'' એટલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ.[૬]

(૭) ''મતદાર'' એટલે ચૂંટણીમાં મત આપવાને હકદાર વ્યક્તિ.

(૮) ''મતદાન મથક'' એટલે ચૂંટણી અધિકારીએ મતદાન માટે જાહેર કરેલ સ્થળ.[૭]

૩. (૧) ચૂંટણી અધિકારી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ-૩(૨) વર્ગ-ખ હેઠળ ચૂંટાયેલા સભ્યોના ખંડ-(૧૦) માં નિર્દેશ થયેલ સભ્યો સિવાયના દરેક સભ્યની ચૂંટણી માટે જુદી જુદી મતદાર યાદીઓ તૈયાર કરાવશે.[૮]

(૨) બોર્ડના અધ્યક્ષ, પેટા-નિયમ (૧) હેઠળ તૈયાર કરેલી દરેક મતદાર યાદીની એક નકલ પ્રમાણિત કરશે અને તેના દરેક પાના ઉપર સહી કરશે અને તેના ઉપર સિક્કો લગાવશે.[૯]

(૩) બોર્ડના અધ્યક્ષે દરેક મતદાર યાદીની પ્રમાણિત નકલમાં વખતોવખત જરૂરી હોય તે તમામ સુધારા કરવા જોઈશે અને તેવી રીતે કરેલા દરેક સુધારાની નીચે તેણે ટૂંકી સહી કરવી જોઈશે.

(૪) ઉપર્યુક્ત પ્રમાણે જાળવેલી એક મતદાર યાદી અધ્યક્ષ તાળાકૂંચીમાં રાખશે અને તેની સલામત કસ્ટડી માટે તે જવાબદાર રહેશે.[૧૦]

૩.(ક)[૧૧] અધિનિયમની કલમ-૩(૨)માં ''વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યો''ના ખંડ-(૧) થી (૯) માટે મતદાર તરીકે નોંધણી કરાવવા માટેના ધોરણો.

(૧) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાના હેડમાસ્તરોએ (આચાર્યોએ) પોતાનામાંથી એક સભ્યને ચૂંટવાની રીત નીચે મુજબ રહેશે.

ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાના હેડમાસ્તરોના (આચાર્યોના) મત વિભાગ માટે મતદાર યાદી તૈયાર કરાવવાની રહેશે.

**મતદાર તરીકે નોંધણી કરાવવા માટેના ધોરણો :**

(૧) ઉત્તર બુનિયાદી સિવાયની રજિસ્ટર થયેલી શાળઓના આચાર્યો જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.

---

૧ થી ૧૦ - શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૨૦/૭૩૭/છ, તા.૬-૧૦-૨૦૨૦ થી સુધારો આમેજ કર્યો.

૧૧ - શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૨૦/૭૫૩/છ, તા.૨૫-૧૧-૨૦૨૦ થી સુધારો આમેજ કર્યો.

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૨૦(૧) મુજબ આચાર્ય માટે નિયત થયેલ લાયકાત તેમજ આચાર્યનો હોદ્દો નિયમિત રીતે ધરાવતી હોય તે સિવાય રજિસ્ટર થયેલી શાળાના આચાર્ય તરીકે મતદાર યાદીમાં નામ દાખલ કરી શકશે નહીં.

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૧૯ અને ઠરાવોની જોગવાઈ મુજબ ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાના આચાર્યના હોદ્દા માટે નિયત થયેલ સંખ્યાબળ મુજબ નિમણૂંક થયેલ વ્યક્તિ જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.

(૪) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાના હેડમાસ્તરોના (આચાર્યોના) મત વિભાગમાં સમગ્ર રાજ્યમાં મતદાર તરીકે નોંધાયેલા મતદારોના મતદાર મંડળમાંથી એક સભ્યની ચૂંટણી બોર્ડ દ્વારા યોજવામાં આવશે.

(૨) રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના હેડમાસ્તરો અને શિક્ષકોએ પોતાનામાંથી એક સભ્યને ચૂંટવાની રીત નીચે મુજબ રહેશે.

રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના હેડમાસ્તરો અને શિક્ષકોના મત વિભાગ માટે મતદાર યાદી તૈયાર કરાવવાની રહેશે.

**મતદાર તરીકે નોંધણી કરાવવા માટેના ધોરણો :-**

(૧) રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના આચાર્ય તેમજ ઉત્તર બુનિયાદી પ્રવાહની માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૨૦(૧) મુજબ આચાર્ય માટે નિયત થયેલ લાયકાત તેમજ આચાર્યનો હોદ્દો નિયમિત રીતે ધરાવતી હોય તે સિવાય રજિસ્ટર થયેલી શાળાના આચાર્ય તરીકે મતદાર યાદીમાં નામ દાખલ કરી શકશે નહી.

અથવા

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમોમાં વિનિયમ-૨૦(૩) થી ૨૦(૮) અને શિક્ષણ વિભાગના ઠરાવો થી ઉત્તર બુનિયાદી માધ્યમિક તેમજ ઉત્તર બુનિયાદી ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો માટે નિયત થયેલ લાયકાત ધરાવતી હોય તે સિવાય રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી માધ્યમિક તેમજ ઉત્તર બુનિયાદી ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક તરીકે મતદાર યાદીમાં નામ દાખલ કરી શકશે નહી.

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૧૯ ની જોગવાઈ મુજબ રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાના આચાર્યના હોદ્દા માટે નિયત થયેલ સંખ્યાબળ મુજબ નિમણૂંક થયેલ વ્યક્તિ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.

અથવા

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૧૯ અને ઠરાવોની જોગવાઈ મુજબ રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાના માધ્યમિક તેમજ ઉત્તર બુનિયાદી ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકોના હોદ્દા માટે નિયત થયેલ સંખ્યાબળ મુજબ નિમણૂંક થયેલ વ્યક્તિ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.

(૪) રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના હેડમાસ્તરો અને શિક્ષકોના મત વિભાગમાં સમગ્ર રાજ્યમાં મતદાર તરીકે નોંધાયેલા મતદારોના મતદાર મંડળમાંથી એક સભ્યની ચૂંટણી બોર્ડ દ્વારા યોજવામાં આવશે.

(૩) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના શિક્ષકોએ પોતાનામાંથી એક સભ્યને ચૂંટવાની રીત નીચે મુજબ રહેશે.

ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના શિક્ષકોના મત વિભાગ માટે મતદાર યાદી તૈયાર કરાવવાની રહેશે.

**મતદાર તરીકે નોંધણી કરાવવા માટેના ધોરણો :-**

(૧) રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી સિવાયની માધ્યમિક શાળાઓના શિક્ષકો જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમોમાં વિનિયમ-૨૦(૩) થી ૨૦(૮) અને શિક્ષણ વિભાગના ઠરાવ થી માધ્યમિક વિભાગના શિક્ષકો માટે નિયત થયેલ લાયકાત ધરાવતી હોય તે સિવાય રજિસ્ટર થયેલી શાળાના શિક્ષક તરીકે મતદાર યાદીમાં નામ દાખલ કરી શકશે નહી.

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૧૯ અને ઠરાવોની જોગવાઈ મુજબ ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી માધ્યમિક શાળાના શિક્ષકના હોદ્દા માટે નિયત થયેલ સંખ્યાબળ મુજબ નિમણૂંક થયેલ વ્યક્તિ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.

(૪) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના શિક્ષકોના મત વિભાગમાં સમગ્ર રાજ્યમાં મતદાર તરીકે નોંધાયેલા મતદારોના મતદાર મંડળમાંથી એક સભ્યની ચૂંટણી બોર્ડ દ્વારા યોજવામાં આવશે.

(૫) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન-શૈક્ષણિક કર્મચારીઓએ પોતાનામાંથી એક સભ્યને ચૂંટવાની રીત નીચે મુજબ રહેશે.

રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓના વર્ગના મત વિભાગ માટે મતદાર યાદી તૈયાર કરાવવાની રહેશે.

**મતદાર તરીકે નોંધણી કરાવવા માટેના ધોરણો :-**

(૧) રજિસ્ટર થયેલ માધ્યમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક સ્ટાફ જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૨૦(૯) અને ૨૦(૧૦) મુજબ રજિસ્ટર થયેલ ઉત્તર બુનિયાદી માધ્યમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તેમજ ઉત્તર બુનિયાદી સિવાયની માધ્યમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક સ્ટાફ માટે નિયત થયેલ લાયકાત ધરાવતી હોય તે સિવાય અન્ય કોઈ રજિસ્ટર થયેલ માધ્યમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક સ્ટાફના હોદ્દા તરીકે મતદાર યાદીમાં નામ દાખલ કરી શકશે નહી.

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૧૯ અને ઠરાવોની જોગવાઈ મુજબ રજિસ્ટર થયેલ ઉત્તર બુનિયાદી માધ્યમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તેમજ ઉત્તર બુનિયાદી સિવાયની માધ્યમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક સ્ટાફ માટે નિયત થયેલ સંખ્યાબળ મુજબ નિમણૂંક થયેલ વ્યક્તિ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.

(૪) અન્ય શાળામાંથી ફાજલ થયેલા શૈક્ષણિક કર્મચારીને બિન શૈક્ષણિક સ્ટાફના હોદ્દા ઉપર સમાવેશ કરેલ હોય તો તે કર્મચારી બિન શૈક્ષણિક સ્ટાફના હોદ્દા

તરીકે મતદાર યાદીમાં નામ નોંધણી કરી શકશે.

(૫) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન-શૈક્ષણિક કર્મચારીઓના વર્ગના મત વિભાગમાં સમગ્ર રાજ્યમાં મતદાર તરીકે નોંધાયેલ મતદારોના મતદાર મંડળમાંથી એક સભ્યની ચૂંટણી બોર્ડ દ્વારા યોજવામાં આવશે.

(૬) રજિસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓએ પોતાનામાંથી એક સભ્યને ચૂંટવાની રીત નીચે મુજબ રહેશે.

રજિસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓના વર્ગના મત વિભાગ માટે મતદાર યાદી તૈયાર કરાવવાની રહેશે.

**મતદાર તરીકે નોંધણી કરાવવા માટેના ધોરણો :-**

(૧) રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની ઉચ્ચતર માધ્યમિક શાળાનો શૈક્ષણિક સ્ટાફ જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમોમાં વિનિયમ-૨૦(૩) થી ૨૦(૮) માં શિક્ષણ વિભાગના ઠરાવથી ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો માટે નિયત થયેલ લાયકાત ધરાવતી હોય તે સિવાય અન્ય કોઈ રજિસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફ તરીકે મતદાર યાદીમાં નામ દાખલ કરી શકશે નહી.

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૧૯ અને ઠરાવોની જોગવાઈ અને શિક્ષણ વિભાગના ઠરાવો મુજબ ઉચ્ચતર માધ્યમિક વિભાગના રજિસ્ટર થયેલી માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફના હોદ્દા માટે નિયત થયેલ સંખ્યાબળ મુજબ નિમણૂંક થયેલ વ્યક્તિ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.

(૪) રજિસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓના વર્ગના મત વિભાગમાં સમગ્ર રાજ્યમાં મતદાર તરીકે નોંધાયેલા મતદારોના મતદાર મંડળમાંથી એક સભ્યની ચૂંટણી બોર્ડ દ્વારા યોજવામાં આવશે.

(૭) સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોએ પોતાનામાંથી એક સભ્યને ચૂંટવાની રીત નીચે મુજબ રહેશે.

સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોના મત વિભાગ માટે મતદાર યાદી તૈયાર કરાવવાની રહેશે.

**મતદાર તરીકે નોંધણી કરાવવા માટેના ધોરણો :-**

(૧) સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ રાજ્ય સરકારે નિયત કરેલ જોગવાઈ મુજબ નિમણૂંક પામેલ શિક્ષકોનો જ આ વિભાગમાં સમાવેશ થઈ શકશે.

(૨) સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક માટે મતદાર તરીકે નિયત લાયકાત ધરાવતા સરકારી શાળાના માધ્યમિક વિભાગ/ઉચ્ચતર માધ્યમિક વિભાગ/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો નામ નોંધણી કરાવી શકે.

(૩) સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ રાજ્ય સરકારે નિયત કરેલ જોગવાઈ મુજબ નિમણૂંક પામેલ શિક્ષકોનો મત વિભાગમાં સમગ્ર રાજ્યમાં મતદાર તરીકે નોંધાયેલા મતદારોના મતદાર મંડળમાંથી એક સભ્યની ચૂંટણી બોર્ડ દ્વારા યોજવામાં આવશે.

(૮) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વાલીઓના એસોસિએશનના પ્રમુખોએ પોતાનામાંથી એક સભ્યને ચૂંટવાની રીત નીચે મુજબ રહેશે.

રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વાલીઓના એસોસિએશનના પ્રમુખોના મત વિભાગ માટે મતદાર યાદી તૈયાર કરાવવાની રહેશે.

**મતદાર તરીકે નોંધણી કરાવવા માટેના ધોરણો :-**

(૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સબંધમાં ''વાલીઓનું એસોસિએશન'' એટલે તે શાળાના આચાર્યે રચેલુ અને માન્ય કરેલું તે શાળાના વિદ્યાર્થીઓના માતા-પિતા અને વાલીઓના એસોસિએશનના પ્રમુખનો હોદ્દો ધરાવતો હોય તેવી જ વ્યક્તિ રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વાલીઓના એસોસિએશનના પ્રમુખ તરીકે મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.

(૨) વાલીઓના એસોસિએશનના ''પ્રમુખ'' તરીકે લેખિત રીતે અધિકૃત કરેલી વ્યક્તિ જ રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વાલીઓના એસોસિએશનના પ્રમુખ તરીકે મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.

(૩) શાળાના વાલી એસોસિએશનના પ્રમુખ તરીકે હોદ્દો ધરાવતી વ્યક્તિનું સંતાન મતદાર નોંધણીની તારીખે તે જ શાળામાં માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવતું હોય તો જ તે શાળાના વાલી એસોસિએશનના પ્રમુખ તરીકે મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.

(૪) કોઈ વ્યક્તિ એકથી વધુ શાળામાં વાલી એસોસિએશનના પ્રમુખનો હોદ્દો ધરાવતી હોય તો કોઈ એક જ શાળાના વાલી એસોસિએશનના પ્રમુખ તરીકે મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.

(૫) શાળાના વાલી એસોસિએશન દ્વારા વાલી એસોસિએશનના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યાનો ઠરાવ કરવાનો રહેશે અને તે ઠરાવની નકલ મતદાર નોંધણી અરજીપત્રક સાથે સામેલ રાખેલ હશે તો જ પ્રતિનિધિનું નામ મતદાર તરીકે નોંધાવી શકશે.

(૬) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વાલીઓના એસોસિએશનના પ્રમુખોએ મત વિભાગમાં સમગ્ર રાજયમાં મતદાર તરીકે નોંધાયેલા મતદારોના મતદાર મંડળમાંથી એક સભ્યની ચૂંટણી બોર્ડ દ્વારા યોજવામાં આવશે.

૪. અધ્યક્ષે ઉમેદવારોનાં નામોની દરખાસ્ત કરવા માટે નિયત કરેલી તારીખના ઓછામાં ઓછા પંદર (૧૫) દિવસ અગાઉ જ્યાં સંબંધિત મતદારયાદીઓની નકલો જોવા માટેની જે વ્યવસ્થા કરવામાં આવી હોય તેની જાહેર નોટીસ આપવી જોઈશે.[૧] **મતદાર યાદીની પ્રસિદ્ધિ**

૫. પોતાનાં કાર્યો બજાવવામાં મદદ કરવા માટે મતદાન મથકના પ્રમુખ અધિકારી પોતાને યોગ્ય લાગે તેટલી સંખ્યામાં મતદાન અધિકારી તેમજ ચૂંટણીકામ માટે જરૂરી બીજો સ્ટાફ પણ ચૂંટણી અધિકારીની પૂર્વમંજૂરી મેળવ્યા પછી નીમશે. **ચૂંટણીના સ્ટાફની નિમણૂક**

૬. ચૂંટણી અધિકારી દરેક મતદાન મથકના પ્રમુખ અધિકારીને ચૂંટણી માટે જરૂરી નમૂના અને જોઈતી સ્ટેશનરી સહિત ચૂંટણી માટેની સામગ્રી પૂરી પાડશે. **ચૂંટણી માટેનીસામગ્રી પૂરી પાડવા બાબત**

૭. (૧) ચૂંટણી અધિકારીએ રાજયપત્રમાં અને સંબંધિત વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતા ઓછામાં ઓછા બે વર્તમાનપત્રોમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને ચૂંટણીની તારીખ જાહેર કરવી જોઈશે. **ચૂંટણીના જુદા જુદા તબક્કાઓ માટે તારીખ, વગેરે ચૂંટણી અધિકારીએ નક્કી કરવા બાબત**

(૨) પેટા-નિયમ (૧) હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે કે તરત જ ચૂંટણી અધિકારીએ પણ જાહેરનામું પ્રસિદ્ધ કરીને નીચેના તબ્બકાઓ માટે તારીખ, સમય અને સ્થળ કે સ્થળો નક્કી કરવાં જોઈશે –

(ક) ઉમેદવારોનાં નામોની દરખાસ્ત કરવા માટે.

૧ - શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૨૦/૭૩૭/છ, તા.૦૬-૧૦-૨૦૨૦ થી સુધારો આમેજ કર્યો.

(ખ) ઉમેદવારીપત્રોની ચકાસણી કરવા માટે.

(ગ) ઉમેદવારી પાછી ખેંચી લેવા માટે.

(૧) ચૂંટણી માટેના હરીફ ઉમેદવારોની આખરી યાદી જાહેર કરવા માટે. [૧]

(ઘ) મતો નોંધવા માટે.

(ચ) મત ગણતરી માટે.

પરંતુ –

(૧) પેટાનિયમ (૧) હેઠળ પ્રસિદ્ધ કરેલા જાહેરનામાની તારીખ અને ઉમેદવારોના નામોની દરખાસ્ત કરવા માટે નિયત કરેલી તારીખ વચ્ચે ઓછામાં ઓછાં પંદર (૧૫)[૨] દિવસનો ગાળો હોવો જોઈશે.

(૨) ઉમેદવારોનાં નામોની દરખાસ્ત કરવા માટે નિયત કરેલી તારીખ અને મતો નોંધવા માટેની તારીખ વચ્ચે ઓછામાં ઓછા એકવીસ (૨૧)[૩] દિવસનો ગાળો હોવો જોઈશે.

(૩) ઉમેદવારીપત્રોની ચકાસણી માટેની તારીખ ઉમેદવારીપત્રો રજૂ કરવા માટે નિયત કરેલી તારીખ પછી આવતી તારીખ હોવી જોઈશે.

(૪) ઉમેદવારોનાં નામની દરખાસ્ત કરવા માટે નિયત કરેલી એવી તારીખના ઓછામાં ઓછા ૦૭ (સાત)[૪] દિવસ અગાઉ, ચૂંટણી અધિકારીએ ચૂંટણી માટેના ઉમેદવારોનાં નામની દરખાસ્તો મંગાવતી નિર્ધારિત ચૂંટણીની લેખિત જાહેર નોટિસ આપવી જોઈશે અને તેમાં ઉમેદવારીપત્રો સોંપવાનાં હોય તે તારીખ નિર્દિષ્ટ કરવી જોઈશે.

**ઉમેદવારોનાં નામોની દરખાસ્તો**

૮. (૧) નિયમ-૭ હેઠળ ઉમેદવારોનાં નામોની દરખાસ્તો કરવા માટે નક્કી કરેલા દિવસ અને સમય દરમિયાન ચૂંટણી માટે ઉમેદવાર તરીકે ઊભી રહેવા ઇચ્છતી દરેક વ્યક્તિએ 'નમૂના-ક' અને તેની સાથે જોડવાના જરૂરી આધારો અને સોગંદનામા સાથે ઉમેદવારીપત્ર ભરવું જોઈશે, તેના ઉપર સહી કરવી જોઈશે અને તેણે જાતે અથવા તેણે આ અર્થે લખિત અધિકૃત કરેલા પ્રતિનિધિ મારફત ચૂંટણી અધિકારી સમક્ષ તે રજૂ કરવું જોઈશે.[૫]

(૨) પેટા-નિયમ (૧) હેઠળ ઉમેદવારીપત્ર મળ્યે, ચૂંટણી અધિકારીએ ઉમેદવારીપત્રમાં તેનો અનુક્રમાંક લખવો જોઈશે અને તેમાં કઈ તારીખે અને કયા ચોક્કસ સમયે ઉમેદવારીપત્ર તેને આપવામાં આવ્યું હતું તે જણાવતા પ્રમાણપત્ર ઉપર સહી કરવી જોઈશે.

**ઉમેદવારોનાં નામોની દરખાસ્તોની ચકાસણી**

૯. (૧) ચૂંટાવા માગતા ઉમેદવારો અથાવ આવા દરેક ઉમેદવારે વિધિસર લેખિત અધિકાર આપેલી અન્ય કોઈ વ્યક્તિ, ઉમેદવારોનાં નામોની દરખાસ્તોને ચકાસણી માટે નક્કી કરેલા સમયે અને સ્થળે હાજર રહેવાને હકદાર રહેશે. ચૂંટણી અધિકારી, આવી વ્યક્તિને ચૂંટાવા માગતા ઉમેદવારોનાં ઉમેદવારીપત્રો તપાસવા માટે વાજબી સગવડ આપશે.

(૨) ચૂંટણી અધિકારી ઉમેદવારીપત્રો તપાસશે અને કોઈ ઉમેદવારના નામની દરખાસ્ત સામે ઉઠાવવામાં આવે તે કોઈ વાંધાનો નિર્ણય કરશે અને આવા વાંધા ઉપરથી અથવા પોતાની મેળે અને પોતાને જરૂરી જણાય તેવી સંક્ષિપ્ત તપાસ કર્યા પછી નીચેના કોઈ પણ કારણે ઉમેદવારીપત્ર ના મંજૂર કરી શકશે -

(૧) ઉમેદવાર, અધિનિયમ હેઠળ ચૂંટણી માટે ગેરલાયક છે.

[૬](૨) (૧) ઉમેદવારનું નામ મતદારયાદીમાં જણાતું નથી, અથવા

(૨) ઉમેદવારનું નામ એક કરતાં વધુ સંવર્ગની મતદાર યાદીમાં કોઈપણ સંવર્ગમાં એક કરતાં વધુ વખત નોંધણી કરાવી હોય, અથવા

(૩) ઉમેદવારનું નામ મતદારયાદીમાં એકજ સંવર્ગમાં એક કરતાં વધુ વખત નોંધણી કરાવી હોય, અથવા

(૪) ઉમેદવારે મતદારયાદીમાં નામ દાખલ કરતી વખતે ખોટી માહિતી રજૂ કરીને મતદાર તરીકે નોંધણી કરાવી હોય.

૧ થી ૬ - શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૨૦/૭૩૭/છ, તા.૬-૧૦-૨૦૨૦ થી સુધારો આમેજ કર્યો.

(૩) ઉમેદવાર અને નિયમો અથવા વિનિયમોથી આવશ્યક હોય તેવી કોઈ જોગવાઈનું પાલન કરવાનું ચૂક્યો છે.

(૩) પેટા-નિયમ (૧)ના હેતુ માટે, મતદાર યાદીમાં કરેલી નોંધ તે નોંધમાં જણાવેલા કોઈ પણ મતદારની ચૂંટણી માટે ઊભા રહેવાનો હકનો નિર્ણાયક પુરાવો ગણાશે.

**ઉમેદવારોનાં નામોની દરખાસ્તોની ચકાસણી પૂરી કરવા બાબત**

૧૦. (૧) ચકાસણી આ માટે નક્કી કરેલા દિવસે પૂરી કરવામાં આવશે.

(૨) ચૂંટણી અધિકારી તે જ દિવસે દરેક ઉમેદવારીપત્ર ઉપર તેનો સ્વીકાર અથવા અસ્વીકાર બાબાતના નિર્ણયનો શેરો કરશે અને ઉમેદવારીપત્રનો અસ્વીકાર કરવામાં આવે તો તે આવા અસ્વીકાર માટેનાં પોતાનાં કારણોનું સંક્ષિપ્ત નિવેદન કરશે અને આવા નિવેદનની એક નકલ જે ઉમેદવારના નામની દરખાસ્ત નામંજૂર કરી હોયતે ઉમેદવારને તે અર્થે અરજી મળ્યાના ૨૪ કલાકની અંદર પૂરી પાડશે.

(૩) જેના ઉમેદવારીપત્રનો અસ્વીકાર કરવામાં આવ્યો હોય તે કોઈ ઉમેદવાર ચૂંટણી અધિકારીના હુકમ સામે નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગરને પેટાનિયમ (૨) હેઠળ તે નિવેદન મળ્યાના ૦૨ (બે) દિવસની અંદર અપીલ કરી શકશે અને અપીલની નકલ ચૂંટણી અધિકારીને મોકલી શકશે. નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગરને અપીલ રજૂ થયાના ત્રણ (૩) દિવસની અંદર તે અંગે પોતાનો નિર્ણય આપશે અને ચૂંટણી અધિકારીને તે નિર્ણયની તરત જ જાણ કરશે. નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગરનો નિર્ણય આખરી ગણાશે.[૧]

**ઉમેદવારી પાછી ખેંચી લેવા બાબત**

૧૧. (૧) નિયમ-૧૦ હેઠળ ઉમેદવારોનાં નામની દરખાસ્તની ચકાસણી પૂરી થયાના ત્રણ દિવસ કરતાં મોડું ન હોય તેવા કોઈ દિવસે સવારના અગિયાર વાગ્યાથી બપોરના ત્રણ વાગ્યા સુધીના સમય દરમિયાન કોઈ ઉમેદવાર પોતે સહી કરેલી લેખિત નોટિસ આપીને અને ચૂંટણી અધિકારીને તે પહોંચાડીને પોતાની ઉમેદવારી પાછી ખેંચી લઈ શકશે. આવી નોટિસ ઉમેદવાર જાતે આપી શકશે અથવા તે માટે તેણે લેખિત અધિકાર આપેલી વ્યક્તિ આપી શકશે. સદરહુ મુદત પૂરી થયા પછી આપવામાં આવેલી ઉમેદવારી પાછી ખેંચી લેવાની કોઈ પણ નોટિસ અસરકારક રહેશે નહિ.

(૨) જે વ્યક્તિએ પેટા-નિયમ (૧) હેઠળ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ આપી હોયતેને તે નોટિસ રદ કરવા દેવામાં આવશે નહિ.

**હરીફ ઉમેદવારોની યાદી તૈયાર કરવા બાબત અને ચૂંટણીની નોટિસ**

૧૨. ઉમેદવારી પાછી ખેંચી લેવા માટે નિયમ-૧૧ હેઠળ છૂટ આપેલી મુદત પૂરી થયે, ચૂંટણી અધિકારીએ પોતાની સહી કરીને તમામ હરીફ ઉમેદવારોની યાદી તૈયાર કરવી જોઈશે અને મતની નોંધણી માટે નક્કી કરેલી તારીખના ઓછા સાત દિવસ અગાઉ પોતે નક્કી કરે તેવાં સ્થળોએ તે મુકાવવી જોઈશે.

**મતદાન પહેલા ઉમેદવારનું મૃત્યુ**

૧૩. હરીફ ઉમેદવાર મૃત્યુ પામે અને મતદાન શરૂ થાય તે પહેલાં તેના મૃત્યુની ખબર મળે, તો ચૂંટણી અધિકારીએ ઉમેદવારના મૃત્યુની હકીકત વિષે ખાતરી થયેથી, મતદાન રદ કરવું જોઈશે અને [૨] નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગરને તે હકીકતની જાણ કરવી જોઈશે અને ચૂંટણી અંગેની તમામ કાર્યવાહી, જાણે તે નવી ચૂંટણી હોય તેમ બધી બાબતોમાં નવેસરથી શરૂ કરવી જોઈશે,

પરંતુ જે વ્યક્તિ મતદાન રદ કરવાના સમયે હરીફ ઉમેદવાર હોય તેની બાબતમાં વધુ દરખાસ્ત કરવાનું જરૂરી રહેશે નહિ,

વધુમાં જે વ્યક્તિએ મતદાન રદ થતાં પહેલાં નિયમ-૧૧ હેઠળ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટીસ આપી હોય તે વ્યક્તિ આવી રીતે મતદાન રદ થયા પછી ચૂંટણી માટેના ઉમેદવાર તરીકે પોતાના નામની દરખાસ્ત કરાવવા માટે લાયક ગણાશે.

---

૧, ૨ - શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૨૦/૭૩૭/છ, તા.૬-૧૦-૨૦૨૦ થી સુધારો આમેજ કર્યો.

**બિનહરીફ ચૂંટણી**

૧૪. હરીફ ઉમેદવારોની સંખ્યા બેઠકો ભરવાની સંખ્યા જેટલી હોય, ત્યારે ચૂંટણી અધિકારી હરીફ ઉમેદવારોને કોઈ પણ મત લીધા સિવાય યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર કરશે.

**મતપત્રનો નમૂનો**

૧૫. મતપત્ર 'નમૂના-ખ' મુજબ હોવું જોઈશે અને તેમાં કક્કાવારી પ્રમાણે તમામ ઉમેદવારોનાં નામ હોવા જોઈશે.[૧]

**ચૂંટણીની સામગ્રી અને મતપેટીઓ**

૧૬. (૧) મતદાન માટે નિયમ કરેલા દિવસની તરત જ અગાઉના દિવસે દરેક મતદાન મથકના પ્રમુખ અધિકારીને મતપત્રો નાખવા માટે બાકોરાંવાળી મતપેટી, તેના મતદાન મથકને લગતી મતદાર યાદીના ભાગની એક નકલ, મતદાર યાદીમાંના દરેક મતદાર માટે એક મતપત્રના હિસાબે અનુક્રમ નંબર આપેલી પ્રતો અને સ્થળપ્રતોવાળાં મતપત્રો અને મત લેવા માટે જરૂરી હોય તેવી બીજી સામગ્રી આપવામાં આવશે.

(૨) મતદાન શરૂ થતાં પહેલાં, મતદાન મથકના પ્રમુખ મતદાન મથકે હાજર હોય તેવા ઉમેદવારોને અથવા તેમના એજન્ટોને મતપેટીઓ ખાલી બતાવવી જોઈશે અને પછી તેને તાળું મારવું જોઈશે અને સીલ તોડ્યા સિવાય ઉઘાડી શકે નહિ તેવી રીતે સીલ મારવું જોઈશે.

**મતદાન મથકમાં દાખલ થવા બાબત**

૧૭. ચૂંટણીના દિવસે દરેક મતદાન મથકના પ્રમુખ અધિકારીએ, જે મતદાન મથકનું તેણે પ્રમુખ સ્થાન લીધુ હોય તે મતદાન મથકમાં ઉમેદવારો અને તેમના એજન્ટો ઉપરાંત માત્ર માત્ર મતદારો અને ચૂંટણી અધિકારીએ આ માટે આપેલા ખાસ આદેશ હેઠળ દાખલ કરવામાં આવે તેવી બીજી વ્યક્તિઓને જ મતદાન મથકમાં દાખલ મથકમાં દાખલ કરવી જોઈશે.

**મતદારોએ મતદાન મથક ઉપર હાજર રહેવા બાબત**

૧૮. પોતાનો મત નોંધાવવા ઈચ્છતા દરેક મતદારે આ હેતુ માટે મતદાન મથકે ચૂંટણી અધિકારીએ આ અર્થે નક્કી કરેલી તારીખે અને સમય દરમિયાન હાજર રહેવું જોઈશે.

**મતો નોંધવા બાબત**

૧૯. મતો નીચેની જોગવાઈઓ અનુસાર નોંધવામાં આવશે.

(૧) મુખત્યારનામાંથી મત આપી શકાશે નહિ.

(૨) મત આપવા માગતા મતદારને મતપત્ર આપવામાં આવે તે પહેલાં મતદાર યાદીમાનું તેનું નામ અને તેનો નંબર ત્યાં હાજર રહેલી તમામ વ્યક્તિઓ સાંભળી શકે તે રીતે બોલવાં જોઈશે.

(૩) (ક) કંઈ પણ વાંધો ઉઠાવવામાં આવ્યો ન હોય ત્યારે, મતદાન અધિકારીએ મતપત્રની સ્થળપત્ર ઉપર મતદારની સહી અથવા નિશાની લીધા પછી અને પ્રત તથા સ્થળપ્રતની વચમાં મતપત્ર ઉપર સિક્કો માર્યા પછી અને સ્થળપ્રત ઉપર ટૂંકી સહી કર્યા પછી મતપત્રની પ્રત મતદારને આપવામાં આવશે અને ત્યાર પછી મતદાનખંડમાં તેને દાખલ કરવામાં આવશે.

(ખ) ઉમેદવારો અને તેમના ચૂંટણી એજન્ટો વાંધો ઉઠાવે, ત્યારે મતદાન મથકના પ્રમુખ અધિકારી આવા વાંધાનો નિકાલ કરશે અને મત આપવા ઈચ્છતો મતદાર મત આપવાને હકદાર છે અને તેણે હજી સુધી મત આપ્યો નથી એવી તેને ખાતરી થાય ત્યારે તે મતદાન અધિકારીને, મતપત્રની પ્રત મતદારને, મતપત્રની સ્થળપ્રત ઉપર તેની સહી અથવા નિશાની લીધા પછી અને પ્રત તથા સ્થળપ્રતની વચમાં મતપત્ર પર સિક્કો માર્યા પછી અને સ્થળપ્રત ઉપર ટૂંકી સહી કર્યા પછી આપવામાં આવશે. ત્યારે પછી મતદારોને મતદાનખંડમાં દાખલ કરવામાં આવશે. મતદાન મથકના પ્રમુખ અધિકારી જે મતદારના સંબંધમાં વાંધો ઉઠાવવામાં આવ્યો હોયતે મતદારના મતપ્રતની પ્રત ઉપર ટૂંકી સહી કરશે.

(૪) મતદાર જે ઉમેદવારને મત આપવા માગતો હોય તેના નામ સામે મતપત્રના 'ચોકડી' એ શીર્ષક હેઠળના કોલમમાં તે દરેક માટે (X) ચોકડીની નિશાની કરશે. ત્યાર પછી તે નિશાની છુપાવી શકાય તે રીતે નિશાની કરેલા મતપત્રની ગડી વાળશે અને એવી રીતેગડી વાળેલું મતપત્ર મતપેટીમાં મૂકશે અને અયોગ્ય વિલંબ કર્યા વગર મતદાનખંડ છોડી જશે.

---

૧ - શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૨૦/૭૩૭/છ, તા.૬-૧૦-૨૦૨૦ થી સુધારો આમેજ કર્યો.

(૫) જે મતદાર, અંધાપાને અથવા અન્ય કોઈ કારણે પોતાનો મત જાતે નોંધવા શારીરિક રીતે અશક્ત હોય તેણે વિનંતી કર્યેથી, મતદાન મથકના પ્રમુખ અધિકારી તેની સાથે મતદાન કુટિરમાં જશે અને મતદારની ઈચ્છા પ્રમાણે તે મતદાર વતી મત નોંધશે.

(૬) મતદાન બંધ થવાના સમયે મતદાન મથકમાં હાજર હોયતે મતદારો સિવાયના કોઈ પણ મતદારને મતદાન બંધ કરવા માટે ઠરાવેલા સમય પછી મતપત્ર આપવામાં આવશે નહિ. આ મતદારોને મતદાન બંધ થયા પછી પણ તેમના મતો નોંધવા દેવામાં આવશે.

**મતદાન મથકના પ્રમુખ અધિકારીઓ અને અન્ય મતદાન અધિકારીઓની ફરજો**

૨૦. મતો પૂરેપૂરી ગુપ્તતાથી નોંધવામાં આવ્યા છે તે જોવાની, આ નિયમો હેઠળ મતદાન મથકે દાખલ કરવાની વ્યક્તિઓને જ તેમાં દાખલ કરવામાં આવી છે તે જોવાની અને જે વ્યક્તિઓએ તેમના મત નોંધ્યા હોય અથવા તેમની સામે વાંધા સાંભળવામાં આવ્યા હોય અને સ્વીકારવામાં આવ્યા હોયતે વ્યક્તિઓ મતદાન મથક તરત છોડી જાય તે જોવાની અધિકારીઓ અને તેમના મદદનીશોની ફરજ રહેશે. આ નિયમો અને તે હેઠળ ચંટણી અધિકારીએ જે કાંઈ ખાસ સૂચનાઓ આપી હોયતેનું દરેક રીતે ચુસ્તપણે પાલન થાયતે જોવાની પણ તેમની ફરજ રહેશે.

**ચૂંટણી અધિકારીએ ચૂંટણીના સંચાલનની દેખરેખ રાખવા બાબત**

૨૧. ચૂંટણી સંચાલન ચૂંટણી અધિકારીની સામાન્ય દેખરેખ નીચે થશે. કોઈ મતદાન મથકના પ્રમુખ અધિકારી, શંકાસ્પંદ મુદ્દો ચૂંટણી અધિકારી, જો મતદાન મથકે હાજર હોય તો તેને લખી મોકલી શકશે.

**પેશ કરેલાં મતપત્રો**

૨૨. મતદાર યાદીમાં દાખલ કરેલ અમુક મતદાર તરીકે પોતાને ઓળખાવનાર કોઈ વ્યક્તિ, બીજી વ્યક્તિએ એવા મતદાર તરીકે મત આપ્યા પછી મતપત્ર માટે અરજી કરે, તો અરજદાર મતદાન મથકના પ્રમુખ અધિકારી તેને પૂછે તેવા પ્રશ્નોનો યોગ્ય રીતે જવાબ આપ્યા પછી, મતપત્ર મેળવવાને હકદાર રહેશે. ત્યાર પછી મતદાર નિયમ ૧૯માં ઠરાવેલી રીતે પોતાનો મત નોંધશે અને મતપત્ર મતદાન મથકના પ્રમુખ અધિકારીને આપશે. મતદાન મથકના પ્રમુખ અધિકારી તેના ઉપર મતદાનું નામ અને મતદાર યાદીમાંનો તેનો નંબર લખશે અને મતપત્ર જુદા પેકેટમાં બંધ કરીને તે પેકેટ સીલ કરશે. આવા મતપત્રો ચૂંટણી અધિકારીએ ગણતરીમાં લેવા નહિ અને તે પેશ કરેલાં મતપત્રો તરીકે ઓળખાશે. આવી રીતે પેશ કરેલાં મતપત્રોની યાદી રાખવી જોઈશે.

**બગડેલાં મતપત્રો**

૨૩. કોઈ મતદારે પોતાનું મતપત્ર એવી રીતે વાપર્યું હોય કે જેથી તેના મતપત્ર તરીકે સહેલાઈથી ઉપયોગ થઈ શકે નહિ, તો તે મતદાર મતપત્ર મતદાન મથકના પ્રમુખ અધિકારીને આપીને અને પોતાની શરતચૂક સંબંધી ખાતરી કરાવીને, બગડેલા મતપત્રને બદલે બીજું મતપત્ર મેળવી શકશે અને બગડેલા મતપત્ર અને તેની સ્થળપ્રત પર ''રદ કરેલ'' તરીકે નિશાની કરવી જોઈશે. બગડેલાં મતપત્રો

**મતપેટીઓને સીલ મારવા વગેરે બાબત**

૨૪. (૧) મતદાન મથકના પ્રમુખ અધિકારીએ, મતદાન પૂરું થયા પછી, વ્યવહાર્ય હોય તેટલું જલ્દી, કોઈ ઉમેદવાર અથવા ઉમેદવારનાં હાજર હોય તો તેની હાજરીમાં મતપેટીઓનાં બાકોરાં સીલ કરવાં જોઈશે અને મતદાન મથકે ઉપયોગમાં લીધેલી દરેક મતપેટી ઉપર પોતાના સિક્કાથી તથા કોઈ ઉમેદવાર અથવા તેનો પ્રતિનિધિ તેનાં સીલ કરવા માગે, તો તેમના સિક્કાથી સીલ કરવું જોઈશે.

(૨) મતદાન મથકના પ્રમુખ અધિકારી નીચેના કાગળોનાં જુદાં જુદાં પેકેટો કરશે –

(૧) ઉપયોગમાં લીધેલા ન હોય તેવા મતપત્રોની ચોપડીઓ;

(૨) પેશ કરેલા મતપત્રો;

(૩) બગડેલા મતપત્રો;

(૪) મતદાર યાદીના નિશાની કરેલી નકલો;

(૫) ઉપયોગમાં લીધેલા મતપત્રોની સ્થળપ્રતોની ચોપડીઓ;

(૬) પેશ કરેલ મતોની યાદી.

આ નિયમ હેઠળ તૈયાર કરેલાં તમામ પેકેટો પર તેણે પોતાના સિક્કાથી અને કોઈ પણ ઉમેદવાર અથવા આવા ઉમેદવારનો પ્રતિનિધિ તેના પર તેમના સિક્કા લગાવવા ઇચ્છતો હોય તો તેમના સિક્કાથી સીલ લગાવવું જોઈશે.

(૩) મતગણતરી કરવામાં ન આવે અને સ્થળપ્રતોની ચોપડીઓ અને ઉપયોગમાં લીધેલી પ્રતોનો નિયમ ૩૩ હેઠળ નાશ કરવામાં ન આવે ત્યાં સુધી તેનો હવાલો લેવા માટે મતદાન મથકના પ્રમુખ અધિકારીએ, ચૂંટણી અધિકારીને અથવા ચૂંટણી અધિકારીઓ નીમેલી બીજી કોઈ વ્યક્તિને મતપેટી અને પેકેટો મોકલી આપવાં જોઈશે. તેણે તેમની સાથે તેને સોંપેલા મતપત્રોની સંખ્યા દર્શાવતું અને નીચેનાં શીર્ષકો હેઠળ મતપત્રોનો હિસાબ દર્શાવતું પત્રક પણ મોકલવું જોઈશે -

(૧) ઉપયોગમાં લીધેલા મતપત્રો;

(૨) પેશ કરેલા મતપત્રો;

(૩) બગડેલા મતપત્રો;

(૪) ઉપયોગમાં લીધા ન હોય તેવાં મતપત્રો;

**મત ગણતરી**

૨૫. (૧) મતગણતરી કરવામાં પોતાને મદદ કરવા ચૂંટણી અધિકારી નીમે તે વ્યક્તિઓની મદદથી પોતાની દેખરેખ તળે મતગણતરી કરશે.

(૨) મતગણતરી માટે નિયમ-૬ હેઠળ નક્કી કરેલા દિવસે અને સમયે અને સ્થળે ચૂંટણી અધિકારી, મતદાન વખતે ઉપયોગમાં લીધેલી મતપેટીઓના સંબંધમાં નીચે પ્રમાણે કાર્યવાહી કરશે -

(૧) મતગણતરી માટે મૂકેલી તમામ મતપેટીઓ ગણશે અને તપાસશે અને ચૂંટણી અધિકારીએ પોતે ખાતરી કરવી કે જે મતપત્રોની એવા સ્થળોએ ગણતરી કરવાની હોય તેવા મતપત્રો ધરાવતી હોય તેવી મતપેટીઓ મળી છે અને તેનો હિસાબ રાખવામાં આવ્યો છે.

(૨) ત્યાર પછી ચૂટણી અધિકારી, મતગણતરી વખતે હાજર રહેલા ઉમેદવારો અને તેમના ચૂંટણી એજન્ટો અને મતગણતરી એજન્ટોને મતપેટીઓ અને તેનાં સીલો બરાબર છે કે નહિ તેની ખાતરી કરવા માટે તપાસવાની તક આપશે.

(૩) જે ચૂંટણી અધિકારીને એમ ખાતરી થાય કે જે મતપત્રો એવા સ્થળે ગણવાના હોય તેવા મતપત્રો જેમાં હોય તેવી તમામ મતપેટીઓ મળી છે અને બરાબર છે, તો તે મતપેટીમાં હોય તેવા મતપત્રોની ગણતરી કરવાનું કામ હાથ ધરશે.

(૪) મતગણતરી કરવા માટે દરેક મતપેટીને ખોલવામાં આવ્યા પછી, સ્પષ્ટ માન્ય મતપત્રો, અમાન્ય અને શંકાસ્પદ મતપત્રોથી જુદા પાડવા જોઈશે. અમાન્ય અને શંકાસ્પદ મતપત્રોને, નિર્ણય માટે ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાં જોઈશે. માન્ય મતપત્રો મતગણતરી માટે લેવામાં આવશે અને દરેક ઉમેદવારની તરફેણમાં નોંધાયેલા મતો મતગણતરીમાં મદદ કરવા નિમાયેલી વ્યક્તિઓની સહાયથી ગણવામાં આવશે.

(૫) ચૂંટણી અધિકારી ઉમેદવારોને અને હાજર હોય તેવા તેમના ચૂંટણી અને મતગણતરી એજન્ટોને જ મતપત્રો, ચૂંટણી અધિકારીના અભિપ્રાય મુજબ અસ્વીકૃત થવાને પાત્ર હોય તે તમામ મતપત્રો તપાસવાની વાજબી તક આપશે પણ તેમને તે અથવા બીજા કોઈ પણ મતપત્રોને અડકવા દેશે નહિ.

(૬) તમામ મતપેટીઓમાં રહેલા તમામ મતપત્રોની ગણતરી પૂરી થયા પછી, ચૂંટણી અધિકારી જુદા પેકેટોમાં સીલ કરાવશે અને આવા મતપત્રોના દરેક પેકેટ પર ગણવામાં આવેલ મતપત્રો અને અસ્વીકાર કરેલા મતપત્રોનું વર્ણન લખશે.

(૩) ચૂંટણી અધિકારીએ, શક્ય તેટલે સુધી, મતગણતરી કરવામાં સતત કામ કરવું જોઈશે અને જે કોઈ ગાળામાં ગણતરી કરવાનું હોય, તે ગાળા દરમિયાન, મતપત્રો, પેકેટો અને ચૂંટણીને લગતા બીજા દસ્તાવેજો, તેના પોતાના સિક્કાથી અને જેઓ પોતાના સિક્કા લગાવવા માગતા હોય તે ઉમેદવારો અથવા ચૂંટણી અથવા મતગણતરી એજન્ટોના સિક્કાથી સીલ કરીને રાખવા જોઈશે અને તે સુરક્ષિત કસ્ટડીમાં રાખવા માટે પૂરતી સાવચેતી રખાવવી જોઈશે.

(૪) તમામ મતદાન મથકો પર ઉપયોગમાં લીધેલી તમામ મતપેટીઓમાંનાં મતપત્રોની ગણતરી પૂરી થયા પછી, ચૂંટણી અધિકારીએ, દરેક ઉમેદવારે મેળવેલા મતોની કુલ સંખ્યા જણાવતું એકત્રિત પત્રક, તૈયાર કરવું જોઈશે.

**મતપત્રોના અસ્વીકાર માટેના કારણો**

૨૬. (૧) ચૂંટણી અધિકારી નીચે પ્રમાણેનું કોઈ પણ મતપત્ર રદબાતલ ગણીને નામંજૂર કરશે –

(ક) જો તેના પર જે કોઈ નિશાની અથવા લખાણથી મતદારને ઓળખાવી શકાય તે નિશાની અથવા લખાણ હોય, તો.

(ખ) જો તેના પર એક પણ મત નોંધ્યો ન હોય, તો.

(ગ) મતદાર મત આપવાને હકદાર હોયતે કરતાં વધારે મત તેણે નોંધ્યા હોય,તો.

(ઘ) તેના પર મત દર્શાવતી નિશાની એવી રીતે કરી હોય કે ક્યા ઉમેદવારને મત આપ્યો છે તે નક્કી કરવાનું શંકાસ્પદ બને, તો.

(ચ) જો તે બનાવટી મતપત્ર હોય, તો.

(છ) તેને એવી રીત નુકસાન કર્યું હોય કે અથવા તે એવી રીતે ચહેરાઈ ગયું હોય કે ખરા મતપત્ર તરીકે તેને સાબિત કરી શકાય તેમ ન હોય, તો.

(જ) તેના પર, મતદાન મથક ઉપર ઉપયોગ કરવા માટે અધિકાર આપેલા મતપત્રોની આકૃતિથી જુદી જ આકૃતિ હોય, તો.

પરંતુ ચૂંટણી અધિકારીને ખાતરી થાય કે ખંડ (ગ)માં જણાવવામાં આવી હોય તેવી કોઈ પણ ખામી તેના પક્ષે અથવા મતદાન મથકે તેની નીચે કામ કરતી વ્યક્તિઓના પક્ષે કઈ પણ ભૂલ અથવા ચુક થવાથી થઈ છે, ત્યારે આવી ખામીના કારણે જ માત્ર મતપત્ર નામંજૂર કરવું નહિ.

વધુમાં કોઈ અમુક ઉમેદવારને માટે મત આપવામાં આવેલ છે એવો ઈરાદા જે રીતે મતપત્ર પર નિશાની કરી હોય તે પરથી સ્પષ્ટ લાગે તો મત દર્શાવતી નિશાની અસ્પષ્ટ છે અથવા એક કરતાં વધારે વાર કરી છે, તે જ કારણે કોઈ મતપત્ર નામંજૂર કરવું નહિ.

(૨) ચૂંટણી અધિકારીએ, જે મતપત્ર પોતે નામંજૂર કરે તે દરેક ઉપર ''આર'' એ અક્ષર અને નામંજૂર કરવાનાં કારણો સંક્ષિપ્તમાં પોતાના હાથે લખવાં જોઈશે અથવા રબ્બર સ્ટેમ્પ વડે જણાવવાં જોઈશે.

(૩) આ નિયમ હેઠળ નામંજૂર કરેલા તમામ મતપત્રો બંડલોમાં એક સાથે રાખવા જોઈશે.

(૪) મતપેટીમાં મતપત્રની માન્યતા સંબંધી ચૂંટણી અધિકારીનો નિર્ણય છેવટનો ગણાશે.

**મતોની ફરી ગણતરી કરવા બાબત**

૨૭. (૧) મતગણતરી પૂરી થયા પછી ઉમેદવાર અથવા તેની ગેરહાજરીમાં તેનો ચૂંટણી એજન્ટ તે ક્યા કારણસર આવી ફરી ગણતરી કરવા માગે છે તે કારણો જણાવીને, પહેલાં ગણતરી કરેલા તમામ મતપત્રો અથવા તે પૈકી કોઈ પણ મતપત્રની, ફરી ગણતરી કરવા માટે ચૂંટણી અધિકારીને લેખિત અરજી કરી શકશે.

(૨) આવી અરજી કરવામાં આવ્યે, ચૂંટણી અધિકારી તે બાબતનો નિર્ણય કરશે અને તે આખી અરજી અથવા તેનો અમુક ભાગ મંજૂર કરી શકશે અથવા જો તે તુચ્છ અથવા ગેરવાજબી જણાય તો આખી અરજી નામંજૂર કરી શકશે.

(૩) પેટા-નિયમ (૨) હેઠળ ચૂંટણી અધિકારીનો દરેક નિર્ણય, લેખિત હોવા જોઈશે અને તે માટેનાં કારણો તેમાં હોવાં જોઈશે.

(૪) જો ચૂંટણી અધિકારી પેટા-નિયમ (૨) હેઠળ પૂરેપૂરી અરજી અથવા તેનો અમુક ભાગ સ્વીકરવા નિર્ણય કરે તો તેણે –

(ક) તેના નિર્ણય અનુસાર મતપત્રો ફરીથી ગણવા જોઈશે.

(ખ) નિયમ ૨૫ના પેટા-નિયમ (૪)માં નિર્દિષ્ટ કરેલ, નોંધાયેલા મતોની સંખ્યા દર્શાવતું પત્રક એવી રીતે મતોની ફરીથી ગણતરી પછી આવશ્યક હોય તેટલે સુધી સુધારવું જોઈશે. અને

(ગ) તેણે તેવી રીતે કરેલા સુધારા તથા ચૂંટણીનું પરિણામ જાહેર કરવું જોઈશે.

**ચૂંટણી અધિકારીએ ચૂંટણીનું પરિણામ જાહેર કરવા બાબત**

૨૮. (૧) નોંધાયેલા મતોની સંખ્યા દર્શાવતું પત્રક પૂરું થયે, ચૂંટણી અધિકારીએ ઉમેદવારોમાંથી જેણે વધુમાં વધુ સંખ્યામાં મતો મેળવ્યા હોય તે ઉમેદવારને ચૂંટાયેલા જાહેર કરવાના રહેશે.

(૨) કોઈ ઉમેદવાર વચ્ચે સરખા મતો થયા હોવાનું જણાય અને તે પૈકી કોઈ ઉમેદવાર એક મત ઉમેરવાથી ચૂંટાયેલો જાહેર થવાને હકદાર બને, ત્યારે (તે ઉમેદવારોમાંથી) જેને આવો વધારાનો મત આપવામાં આવેલો હોવાનું ગણાય તે ઉમેદવારને ચૂંટણી અધિકારી અને ઉમેદવારોની અથવા હાજર રહેવા માગતા તેમના ચૂંટણી એજન્ટોની હાજરીમાં અને ચૂંટણી અધિકારી નક્કી કરે તે રીતે ચિઠ્ઠી નાખીને નક્કી કરશે.

**ચૂંટણીનું પરિણામ પ્રસિદ્ધ કરવા બાબત**

૨૯. જે ઉમેદવારોને ચૂંટવામાં આવ્યા હોય તેમનાં નામ બોર્ડે, નિયુક્ત વ્યક્તિના નામ સહિત રાજપત્રમાં પ્રસિદ્ધ કરવાં જોઈશે.

પરંતુ ચૂંટાયેલા ઉમેદવારોનાં નામ પ્રસિદ્ધ કરતાં પહેલાં, ચૂંટણી અધિકારી આવા ઉમેદવારોનાં નામમાં કંઈ પણ ભૂલો હોય, તો તે સુધારી શકશે.

**કાર્યવાહીની નોંધ**

૩૦. ચૂંટણી અધિકારી દરેક ચૂંટણીની કાર્યવાહીની નોંધ રાખશે.

**મતપત્રોની કસ્ટડી**

૩૧. મતગણતરી પૂરી થયા પછી, મતપત્રો અને ચૂંટણી સંબંધી બીજા તમામ કાગળોને તરત જ સીલ કરવાં જોઈશે અને ચૂંટણી અધિકારીએ તે પોતાની કસ્ટડીમાં રાખવાં જોઈશે. મતપેટીઓ તે આદેશ કરે તેવી કસ્ટડીમાં રાખવી જોઈશે.

**ચૂંટણીના કાગળો રજૂ કરવા અને તપાસવા બાબત**

૩૨. ગણેલા નામંજૂર કરેલાં અથવા પેશ કરેલા મતપત્રોનાં અને/અથવા તેમની સ્થળ પ્રતોનાં પેકેટો ચૂંટણી અધિકારીની કસ્ટડીમાં હોય ત્યારે, સત્તા ધરાવતી કોર્ટના હુકમ મળ્યા હોય તે સિવાય, ઉઘાડવાં નહિ અને તેમાંથી વિગતો તપાસવી નહિ અથવા રજૂ કરવી નહિ.

**મતપત્રોનો નાશ કરવા બાબત**

૩૩. ચૂંટણીનું પરિણામ જાહેર કર્યાની તારીખથી એક મહિનો પૂરો થયે અથવા ચૂંટણીના માન્યતા સામે સત્તા ધરાવતી કોર્ટમાં વાંધો ઉઠાવવામાં આવ્યો હોય ત્યારે સત્તા ધરાવતી કોર્ટના નિર્ણયની તારીખથી ત્રણ મિહના પૂરા થયે, ચૂંટણી અધિકારીએ બોર્ડની પૂર્વમંજૂરી લઈને, મતપેટીઓમાંના મતપત્રો અને સીલ કરેલા પેકેટોમાંના મતપત્રો સહિત મતપત્રોનો અને ચૂંટણી સંબંધી બીજા દસ્તાવેજનો નાશ કરવો જોઈશે.

**પ્રસંગોપાત ખાલી પડેલી જગાઓ**

૩૪. આ નિયમોની જોગવાઈઓ, જોઈતા ફેરફારો સાથે પેટા-ચૂંટણી લાગુ પડશે, પરંતુ -

(૧) નિયમ ૪ હેઠળ સામાન્ય ચૂંટણીની બાબતમાં ઠરાવ્યા પ્રમાણે મતદારયાદી પ્રસિદ્ધ કરવાનું પેટા-ચૂંટણીની બાબતમાં આવશ્યક ગણાશે નહિ.

(૨) નિયમો ૭, ૧૦, ૧૧, અને ૧૨માં ઠરાવેલી મુદતો, પેટા-ચૂંટણી, બને તેટલી જલ્દી, પૂરી કરવા માટે ચૂંટણી અધિકારી નક્કી કરે તેટલે સુધી ઘટાડી શકશે.